## યોજનાનું નામ

# શાળા આરોગ્ય - રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ



### યોજનાના લાભાર્થીની પાત્રતાનાં માપદંડ

- ૬ વર્ષ સુધીના આંગણવાડીના બાળકો
- ધોરણ-૧ થી ૧૨ ના વિદ્યાર્થીઓ
- મદ્રેસા અને ચિલ્ડ્રનહોમ/અનાથાશ્રમના બાળકો
- ૧૮ વર્ષ સુધીના શાળાએ ન જતા બાળકો.

### યોજના અંતર્ગત સહાય / લાભ

- આરોગ્ય તપાસ અને સારવાર
- સંદર્ભસેવા
- વિના મૂલ્યે ચશ્મા વિતરણ
- કપાયેલા હોઠ, તાળવુ (કલેફ્ટ લીપ / પેલેટ), કલબ ફુટ, જન્મજાત બધીરતા જેવી જન્મજાત ખામીઓની સારવાર.
- જુવેનાઈલ ડાયાબીટીસ અને વાઈની બીમારીઓ નો પણ સમાવેશ.
- માનસિક આરોગ્ય (મેન્ટલ હેલ્થ)નો સમાવેશ.
- કેન્સર, હૃદય તેમજ કિડની જેવા ગંભીર રોગની સારવાર
- કીડની અને લીવર ટ્રાન્સપ્લાન્ટ, કોક્લીયર ઇમ્પ્લાન્ટ અને બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ જેવી આધુનિક સારવાર વિનામૂલ્યે.

### યોજનાનો લાભ મેળવવા માટેની પદ્ધતિ

શાળા આરોગ્ય- રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત આરોગ્ય તપાસ અને સારવાર આરોગ્ય ટીમ દ્વારા કરવામાં આવે છે. વધુ સારવારની જરૂર જણાય તો સી.એચ.સી./ હોસ્પિટલમાં સંદર્ભ સેવા આપવામાં આવે છે. જેનું સંદર્ભકાર્ડ તબીબી અધિકારી દ્વારા ભરી આપવામાં આવે છે. અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા પંચાયત / પ્રોગ્રામ ઓફિસર, ગાંધીનગર દ્વારા મંજૂરી આપવામાં આવે છે. હૃદય, કિડની જેવી ગંભીર બિમારી વાળા બાળકોને રાજ્યની એપેક્ષ હોસ્પિટલમાં વિના મૂલ્યે સારવાર આપવામાં આવે છે.

### યોજનાનો લાભ ક્યાંથી મળશે.

નજીકના સરકારી દવાખાના, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામુહિક આરોગ્ય કેન્દ્ર, અર્બન હેલ્થ સેન્ટર અને જનરલ હોસ્પિટલ.